INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

અખબારી યાદી — તા. ૧૬–૦૯–૨૦૨૫

- **પ્રધાનમંત્રી મોદી જી નુ કલા અને સંસ્કારીનગરી ભાવનગરમા સ્વાગત.**
- **મોદી જી ભાવેણાની ભુમિ ઉપર છેલ્લે ૪ વાર આવ્યા ત્યારે જે વચનો આપીને ગયા તે પૈકી એક પણ વચન પાળ્યું નથી તેનુ પાલન ક્યારે ?**
- **સાહેબના ૨૦૦૮ના રુપકડા શબ્દો તેમને યાદ કરાવીએ, "હવે ભાવનગરનો વિકાસ ડગલા માંડીને નહીં, કૂદકા મારીને થશે." પરિણામ ૨૦૨૫ મા ભાવનગર ધ્રુસકે ધ્રુસકે રડતુ કરી દીધુ.**
- **૬૫૦ કરોડ રુપિયાના ખર્ચ પછી ડચકા ખાતી રો રો ફેરી અને ૩૫૦૦ કરોડ રુપિયા ખર્ચ પછી કલ્પસર સરકારની કચેરીમા....બન્ને યોજનાના નામે ૨૦ વર્ષથી મતો મેળવીને ભાજપાએ સરકારો બનાવી છે,આજે સમળુગા મોદી પરિવારનુ ભેદી મૌન.**
- **ભાવેણાવાસીઓની માંગ ભાવનગર મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજીને ભારત રત્ન અર્પણ કરવાની જાહેરાત કરવામાં આવે..**

**મોદી જી ભાવેણાની ભુમિ ઉપર આવીને આપેલા વચનો તે પૈકી એક પણ વચન પાળ્યું નથી**

1. મહુવાનુ પોર્ટ કાયાકલ્પ કરીશુ.
2. સરતાનપરને સેન્ટ્રલ પોર્ટનો દરજ્જો આપીશુ
3. ભાવનગર લોક્ગેટનો કાયાકલ્પ કરીશુ
4. ભાવનગરને પશ્ચિમ રેલ્વેનુ વડુ મથક ન આપ્યુ , પરંતુ આ પૈકી કાઈ થયુ નથી..
5. ત્રણ દાયકાથી કલ્પસરનો પ્રોજેક્ટ ભાવનગરની મશ્કરી બરાબર કરીને મુકી દીધો, ભાજપાના નેતાઓ "ક" બોલવા તૈયાર નથી.
6. ભાવનગરના ખેરખાઓ ન કરી શકયા એ કામ મે કર્યુ, એ ૬૫૦ કરોડની રો રો ફેરી મધદરીએ રાત રોકાણ કરે છે.
7. ભાવનગરના દરીયા કાંઠા વિસ્તારમા ૨૫ નવી આધુનિક શાળા નિર્માણ કરીશુ
8. ૧૬ ઉચ્ચર માધ્યમિક શાળા તૈયાર કરીશુ
9. ૫ મોડલ તાલુકા શાળા ઉભી કરવામા આવશે.
10. સાગર ખેડુ વિકાસ યોજના અંતર્ગત ૧૨૦૦૦ કરોડ રુપિયા આપીશુ.
11. ૫૮૦૦ કરોડ રુપિયા ભાવનગરના બંદરો માટે આપીશુ.
12. શિપ બિલ્ડીંગ પાર્ક,પ્લાસ્ટીક પાર્ક,ફુડ પાર્ક ઉભા કરીશુ.
13. મીઠી વિરડી અને સરતાનપરને સેન્ટ્રલ પોર્ટનો દરજ્જો આપીશુ.
14. વાહન સ્ક્રેપ યાર્ડ માટે ભાવનગરની જાહેરાત કરી અને સુરતને આપી દીધું..
15. મરીન યુનિવર્સિટીની ભાવનગરની જાહેરાત કરી દ્વારકાને આપી દીધી.
16. ડ્રેઝીંગ ઓફિસ માટે ભાવનગરની જાહેરાત કરી અને પોરબંદરને આપી દીધી.

આઝાદી બાદ ભાવનગર પાસે જે સુવિધા હતી તે મોદી પરિવારની ડબલ એન્જીનની સરકારોએ છીનવી લીધી અને ભાવનગરને અસુરક્ષિત અને રોજગાર વંચિત કર્યુ.

- દેશી હૂંડિયામણ કમાવી આપનારા અલંગ શીપ બ્રેકિંગ યાર્ડ અને હીરા ઉદ્યોગ મૃતપ્રાય તેને બચાવવા માટે સરકારનો કોઈ ઈરાદો નહીં.
- સીએનજી ટર્મિનલ બંધ કર્યુ..
- જહાજ બનાવતી આલ્કોક એશ ડાઉન કંપનીને તાળા માર્યા.૧૯૭૫ માં કોંગ્રેસની ઉપલબ્ધિ જ્યાંથી ૨૫૮ જહાજો નિર્માણ કરી અને ભાવનગરના હજારો યુવાનોને બેરોજગાર કર્યા.
- ભાવનગર વરતેજ રેલ્વે ફાટકે ઓવર બ્રિજ દરેક ચુંટણીએ જાહેરાત કરે, માંગ બે દાયકાથી ઊભી છે જમીન સંપાદન થઈ ગઈ પરંતુ ઓવર બ્રિજ નિર્માણ નહીં.
- ભાવનગરનો ૨૦૦૦૦ એકર દરીયા કાંઠાની જમીન મીઠાના અગર માટે તમામ નિયમો ધોરણોને અવગણીને મળતિયાઓને આપી દીધી.
- રાષ્ટ્રીય કાળિયાર અભિયારણ, વેળાવદરના વિકાસમા કે પ્રવાસીઓને આકર્ષવા કોઈ પ્રયાસો નહી.
- ભાવનગરની કદરુપી અને લાચાર નેતાગીરી સંસદમાં ત્રણ દાયકાથી સંસદમા બેસે છે, બે બે કેન્દ્રીય મંત્રીઓ આમ છતા ભાવનગર આજે કલા અને સંસ્કારીની નગરીની ઓળખ ગુમાવી રહ્યું છે, તેના કારણે ભાવનગર આજે રોજગારીથી વંચિત અને અસુરક્ષિત બનતુ જાય છે.
- અતિ ગંભીર બાબત એ છે કે ભાવનગર છેલ્લા ૧૦ – ૧૨ વર્ષમા હત્યાની ઘટનાઓ વધી રહી છે,દારુ અને ડ્રગ્સનુ મોટુ નેટવર્ક બની રહ્યુ છે અને કાયદો અને વ્યવસ્થા જેવુ કાઈ રહ્યુ નથી.જનતા આજે પોતાના ઘરમા પણ અસુરક્ષિતતાનો અનુભવ કરે છે.તેના કારણે વિદેશી હુંડીયામણ કમાવી આપનારા હિરા ઉદ્યોગ અને અલંગનો વહાણ ભાંગવાનો ધંધો મરણ પથારીએ છે.

જ્યારે મોદી જી ભાવનગર આવી રહ્યા છે ત્યારે આ હકીકતોને આંખ ખોલીને સ્વીકારે અને બેહાલ ભાવનગર માટે ઉચિત નિર્ણયો કરે તેવી અમારી માંગ છે. મારી વિનંતિ છે કે અગાઉ ચાર વાર આપ ભાવનગરની જનતાને જે કરોડો રુપિયાનૂ લહાણી સાથેના વચનોની જાહેરાતો કરીને ભાવેણાની જનતાને સ્વર્ગના સુખના સપના દેખાડીને તાળીઓ પડાવી છે.જે ભાવેણાની જનતાના સ્મરણમા છે….આપ પધારો..

મનહર પટેલ
પ્રવકતા,ગુજરાત કોંગ્રેસ